# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/13984

તા.૧૬/૦૨/૨૦૧૮

પરિપત્ર- ૪૭૪

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમ ચલાવતી કૉલેજના આચાર્યશ્રીને જણાવવાનું કે, તેમની કૉલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓ માટે રજીસ્ટ્રેશન ફોર્મ તા. ૧૭/૦૨/૨૦૧૮ ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતેથી મેળવી લેવા. રજીસ્ટ્રેશન ફોર્મ મેળવવા આચાર્યશ્રીના સહી સિક્કા સાથેનો ઓથોરીટી લેટર સાથે લાવવો જરૂરી છે.

સંબંધિત કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા રજીસ્ટ્રેશન ફોર્મ, જરૂરી બિડાણ, માહિતી પત્રક અને નિયત ફી સાથે નીચે દર્શાવેલ સમય-પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂ માં જમા કરાવવાના રહેશે, ત્યારબાદ કોઈપણ સંજોગોમાં રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

| વિગત | રેગ્યુલર ફી સાથે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- સાથે તા. ૨૧/૦૨/૨૦૧૮ સુધી | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૨૦૦ = ૭૦૦/- તા. ૨૨/૦૨/૨૦૧૮ | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૨૦૦ + દંડાત્મક ફી રૂ. ૭૦૦ = ૧૪૦૦/- તા. ૨૩/૦૨/૨૦૧૮ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- આ યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમ ચલાવતી કૉલેજના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

બિડાણ : (૧) પત્રક
(૨) રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

// શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

<u>રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની જરૂરી સૂચનાઓ</u>

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમ ચલાવતી કોલેજના આચાર્યશ્રીને રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

૧. કોલેજે રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.

૨. પ્રથમ વર્ષમાં પ્રથમ વાર દાખલ થનાર વિધાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

- Registration (After Graduate)

૩. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની કૉલેજો માટે વિદ્યાર્થી દીઠ રજીસ્ટ્રેશન + ફોર્મ ફી રૂ. ૫૦૦/- નિયત કરવામાં આવેલ છે.

૪. વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મમાં વિગતો ભરાવ્યા બાદ કૉલેજે વિગતો ચેક કરવી.

૫. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે લાયક પરીક્ષાના ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે મોકલવાની રહેશે.

   રજીસ્ટ્રેશનની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ઠ કોલેજોના વર્ષ-૨૦૧૬ માં પાસ થયેલ વિદ્યાર્થીઓ, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો અને અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવવાની રહેશે તેમજ તે પ્રમાણે ૩૦ ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૬. વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

૭. રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. <u>વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.</u>

૮. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કોલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું P.A.E.C./F.A.E.C. નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.

૯. રજીસ્ટ્રેશન + ફોર્મની કુલ ફી નો ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના નામનો કઢાવીને રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતી વખતે મોકલી આપવાનો રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

૧૦. <u>રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :</u>

ક. રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીએ કાળા કે ભૂરા રંગની બોલપેનનો જ ઉપયોગ કરવો, શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહિ.

ખ. <u>વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોટાડવો,</u> તે જ ફોટો વિધાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિધાર્થીને કરવી ફોટોગ્રાફ ચોટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો, ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહિ.

ગ. વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ લખવા સુચના આપવી.

ઘ. વિધાર્થીઓને મોબાઈલ નંબર ખાસ ધ્યાન રાખીને લખવા સુચના આપવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે ) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

૧૧. રજીસ્ટ્રેશન ફોર્મ **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, ફોર્મ પ્લાસ્ટીક કવરમાં તેમજ બે જાડા પૂઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

૧૨. રજીસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી અને તેના પર ફોર્મ પરનો નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

૧૩. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો) ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૪. ઈન્ટેક કેપેસીટી/યુનિવર્સિટીએ મંજુરી આપી હોય તેટલી જ બેઠકો માટેના રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૧૫. કોલેજે વિધાર્થીઓના નામ તથા ફોટાવાળું રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિધાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.)/ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (F.A.E.C.) મેળવવું ફરજીયાત છે. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


૧૭. રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ૯-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક અને ફરજીયાત લખાવવાની રહેશે.

૧૮. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોએ વિદ્યાર્થી દીઠ ડેવલોપમેન્ટ ફી રૂ. ૭૦૦૦/-, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી. રૂ. ૨૫/-, રમત-ગમત ફી રૂ. ૨૫/- તથા વિદ્યાર્થી કલ્યાણ ફી રૂ. ૧૦૦/- રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જ જમા કરવવાની થાય છે. રજીસ્ટ્રેશન ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી, રમત-ગમત ફી અને વિદ્યાર્થી કલ્યાણ ફી અંગે અલગથી ફોરવર્ડીંગ પત્ર અને તે રકમનો અલગથી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો કઢાવીને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવ્યા બાદ જ રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી, રમત-ગમત ફી અને વિદ્યાર્થી કલ્યાણ ફી વિના રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

ખાસ સુચના :

એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન વિભાગનો ઈ-મેઈલ : **enrollment@sggu.ac.in**

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- આ યુનિવર્સિટી સંલગ્ન માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમ ચલાવતી કૉલેજના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.